# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ००७

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


રેફ નં. તાઃ ૧૪/૧૨/૨૦૨૧

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

# કાપડ અને ગારમેન્ટ ઉપર જીએસટી કર માળખું યથાવત રાખવા નવી દિલ્હી ખાતે નાણાં મંત્રી નિર્મલા સીતારામણ સમક્ષ રજૂઆત

## દેશના ટેક્સટાઇલ રાજ્ય મંત્રી દર્શના જરદોશ અને ગુજરાત ભાજપ પ્રદેશ પ્રમુખ તથા સાંસદ સી.આર. પાટીલના માર્ગદર્શનમાં દેશના ટેક્સટાઇલ ઉદ્યોગકારોની નાણાં મંત્રી સમક્ષ રજૂઆત

## ટેક્સટાઇલ ઇન્ડસ્ટ્રીમાં જીએસટી કર માળખામાં ફેરફાર નહીં કરવાની રજૂઆત સંદર્ભે દેશના નાણાં મંત્રી નિર્મલા સીતારામણનો સકારાત્મક પ્રતિસાદ મળ્યો : આશીષ ગુજરાતી

**સુરત.** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના પ્રમુખ આશીષ ગુજરાતી અખબારી યાદીમાં જણાવે છે કે, મંગળવાર, તા. ૧૪ ડિસેમ્બર, ૨૦૨૧ના રોજ દેશના ટેક્સટાઇલ રાજ્ય મંત્રી દર્શના જરદોશ અને ગુજરાત ભાજપના પ્રદેશ પ્રમુખ તથા સાંસદ સી.આર. પાટીલના માર્ગદર્શનમાં તથા તેઓની હાજરીમાં નવી દિલ્હી ખાતે દેશના નાણાં મંત્રી નિર્મલા સીતારામણ સાથે બેઠક મળી હતી.

નાણાં મંત્રાલય દ્વારા જીએસટી કર માળખામાં જે ફેરફાર કરવામાં આવ્યા છે તેને કારણે ટેક્સટાઇલ ઇન્ડસ્ટ્રીના દરેક સેગ્મેન્ટને વિપરીત અસર થાય છે તે બાબતે નાણાં મંત્રી નિર્મલા સીતારામણ સમક્ષ રજૂઆત કરવામાં

આવી હતી. સુરતમાં એમએમએફ સેકટરમાં રૂપિયા ૪૦૦૦ કરોડનું રોકાણ આવ્યું છે તે બાબતે તેમનું ધ્યાન દોરી જીએસટી કર માળખામાં કરવામાં આવેલા ફેરફારને કારણે કરોડોનું રોકાણ ધોવાઇ જવાની ભીતિ તેમની સમક્ષ વ્યકત કરવામાં આવી હતી. દેશમાં જે કપડું બને છે તેમાંથી ૯૦ ટકા જેટલું કાપડનું ઉત્પાદન ડિસેન્ટ્રલાઇઝ વિવિંગ એકમોમાંથી આવે છે અને તેને કારણે કેપીટલ જીએસટી બ્લોક થતી નથી તે અંગે રજૂઆત કરવામાં આવી હતી. આથી જીએસટી કર માળખામાં ફેરફાર નહી કરવા વિનંતિ કરવામાં આવી હતી.

રૂપિયા ૨૦ લાખ કરોડના એમએસએમઇ પેકેજને કારણે હાલ ટેકસટાઇલ ઇન્ડસ્ટ્રી ફરીથી પાટા પર આવી છે તે બાબત તેમને સમજાવવામાં આવી હતી. સાથે જ ઇમ્પોર્ટ થતા દરેક યાર્ન ઉપર એન્ટી ડમ્પીંગ ડયૂટી નહી લગાવવાના સરકારના નિર્ણય માટે તેમનો આભાર પણ વ્યકત કરવામાં આવ્યો હતો.

નાણાં મંત્રી નિર્મલા સીતારામણ સમક્ષ કરાયેલી રજૂઆતને તેમને ધ્યાનપૂર્વક સાંભળી હતી તથા તેના વિશે વિસ્તૃત ચર્ચા વિચારણા કરી હતી. બેઠકના અંતે ટેકસટાઇલ ઇન્ડસ્ટ્રીમાં જૂના જીએસટી કર માળખાને યથાવત રાખવાની દિશામાં તેમના તરફથી સકારાત્મક પ્રતિસાદ મળ્યો હતો.

આ બેઠકમાં કોટન, વુલન, પ્યોર સિલ્ક, જ્યુટ અને એમએમએફ સેકટરમાંથી દેશભરમાંથી ઉદ્યોગકારો ઉપસ્થિત રહયા હતા. જે પ્રતિનિધીઓ નીચે મુજબ છે.

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના પ્રમુખ આશીષ ગુજરાતી, ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના ભરત છાજર, જીસીસીઆઇના ટેકસટાઇલ ટાસ્ક ફોર્સના ચેરમેન સૌરીન પરીખ, ફોસ્ટાના પ્રમુખ મનોજ અગ્રવાલ, લક્ષ્મીપતિ ટેકસટાઇલ્સના સંજય સરાવગી, ટેકસટાઇલ એમ્બ્રોઇડરી જોબવર્ક એસોસીએશન ઓફ સુરતના કરૂણેશ પટેલ, મુંબઇથી કલોધીંગ મેન્યુફેકચરર્સ ઓફ ઇન્ડિયાના ચીફ મેન્ટર રાહુલ મહેતા અને પ્રમુખ રાજેશ મસંદ, ફેડરેશન ઓફ હોઝરી મેન્યુફેકચરર્સ એસોસીએશનના સંજય જૈન, કુલીન લાલભાઇ, પાવરલુમ ડેવલપમેન્ટ એન્ડ એકસપોર્ટ પ્રમોશન કાઉન્સીલના મુરુગન, ભીવંડી પાવર લૂમ એસોસીએશનના સરોશ અબ્દુલ સામદ ફકીહ, તમિલનાડુ ફેડરેશન ઓફ પાવર લૂમ્સ એસોસીએશન– ઇરોડના બી. ખાંડવેલ, તમિલનાડુ ફેડરેશન ઓફ પાવર લૂમ્સ એસોસીએશને ટેકનીકલ એડવાઇઝર આર. સિવાલીન્ગમ, મુંબઇથી નરેશ જીવરાજ શાહ, કિશનગઢ હાઇટેક ટેકસટાઇલ પાર્ક લિ.ના વિજય કુમાર અગ્રવાલ, તિરુપુર એકસપોર્ટર્સ એન્ડ મેન્યુફેકચરર્સ એસોસીએશનના ટી. ક્રિષ્ણરાજ, ઇચ્છલકરંજી પાવર લૂમ્સ વિવર્સ કો–ઓપ. એસોસીએશન લિમિટેડના પ્રમુખ સતીષ કોષ્ટી અને ખાનાપુરે, કર્ણાટકામાંથી ધી મૈસૂર પાવર લૂમ્સ સિલ્ક મેન્યુફેકચરીંગ કો–ઓપ. સોસાયટીના માજી પ્રમુખ સી. બાના શંકર અને ઓલ ઇન્ડિયા વિવર્સ ફેડરેશન– કર્ણાટકાના ડાયરેકટર વી. સત્ય નારાયણ ઉપરોકત બેઠકમાં ઉપસ્થિત રહયા હતા.